This Question Booklet Contains 08 Printed Pages આ પ્રશ્નપત્રમાં કુલ 08 છાપેલા પાનાં છે.

પ્રશ્નપુસ્તિકા કોડ

પ્રશ્નપુસ્તિકા નંબર

# PTD-2025

**A**

ઉમેદવારનો બેઠક નંબર

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | | | |

કુલ પ્રશ્નો : 50
કુલ ગુણ : 50
સમય : 30 મિનિટ

Total Que. : 50
Total Marks : 50
Time : 30 Minutes

**તમને સૂચના આપવામાં ન આવે ત્યાં સુધી પ્રશ્નપુસ્તિકા ખોલવી નહી.**

**ખાસ સૂચના : 1 થી 50 પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ ખંડ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી.**

**(01)** આ પ્રશ્નપત્રમાં કુલ **50** પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર **A, B, C** અને **D** પૈકી કોઈ એક છે. બધા જ પ્રશ્નોના ઉત્તર આપવા ફરજીયાત છે. આ સાથે અલગ આપેલ **OMR** ઉત્તરપત્રમાં જ ઉત્તર આપવાના છે.

**ઉદાહરણ તરીકે :**

**ભારતના રાષ્ટ્રપિતા તરીકે કોણ ઓળખાય છે?**

**A)** સરદાર પટેલ **B)** સુભાષચંદ્ર બોઝ
**C)** મહાત્મા ગાંધી **D)** વિનોબા ભાવે

**ઉત્તરપત્ર (OMR SHEET) માં.**

Ⓐ Ⓑ ● Ⓓ

ઉપર્યુક્ત ઉદાહરણનો જવાબ **"C"** છે. આથી **"C"** નું વર્તુળ ઘાટું **(encode)** કરેલ છે. સાચી અને ખોટી પદ્ધતિથી વર્તુળ ઘાટું કરવા બાબતની સૂચના **OMR** માં આપેલ છે જેની નોંધ લેવી.

**(02)** **1** થી **50** પ્રશ્નો પુરેપૂરા છપાયેલા છે કે કેમ તેની પ્રથમ ખાતરી કરી લો. જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પૃષ્ઠ ફાટેલું હોય કે કોઈ પૃષ્ઠ સામેલ ન હોય અથવા તો અન્ય કોઈ ક્ષતિ જણાય તો તરત જ નિરીક્ષક પાસેથી પ્રશ્નપુસ્તિકા અચૂક બદલાવી લેવી.

ઉમેદવારને **OMR** ઉત્તરપત્ર મળ્યા બાદ જો તેઓ દ્વારા તેનો નાશ કરવામાં આવશે કે ગુમ કરવામાં આવશે તો તે ઉમેદવારને ગેરલાયક ઠરાવવામાં આવશે.

**(03)** પરીક્ષા શરૂ થયેથી ઉમેદવાર અધવચ્ચેથી પરીક્ષા ખંડ છોડી શકશે નહી.

**(04)** ઉમેદવારને મળેલ **OMR** ઉત્તરપત્ર અને પ્રશ્નપુસ્તિકાનો નંબર, બેઠક નંબરથી અલગ હોઈ શકે, **OMR** ઉત્તરપત્રમાં નિયત કરેલ જગ્યાએ પોતાનો બેઠક નંબર સ્વચ્છ અક્ષરે લખવાનો રહેશે અને બેઠક નંબર નીચે આપેલ વર્તુળ પણ ઘાટું **(encode)** કરવાનું રહેશે તેમજ મળેલ પ્રશ્નપુસ્તિકાનો નંબર તથા કોડ નિયત જગ્યાએ લખીને તેની નીચે આપેલ વર્તુળ પણ ઘાટું **(encode)** કરવાનું રહેશે તે મુજબ જ ઉમેદવારને ગુણ મળવાપાત્ર થશે. લખેલી વિગતો અને ઘાટું **(encode)** કરેલ વર્તુળની વિગતો યોગ્ય રીતે ભરાયેલ છે તેની ખાતરી કરી લેવી.

**(05)** પ્રત્યેક સાચા જવાબદીઠ **1** (એક) ગુણ મળવાપાત્ર થશે. ગુણાંકન પધ્ધતિમાં માઈનસ પધ્ધતિ રાખવામાં આવી નથી. જે મુજબ - પ્રત્યેક ખોટા જવાબ, ખાલી છોડેલ જવાબ, છેકછાક કરેલ હોય તેવા જવાબ તથા **OMR** માં જણાવ્યા પ્રમાણેની ખોટી પદ્ધતિથી કે એક કરતાં વધુ વિકલ્પ દર્શાવેલ જવાબના ગુણ આપવામાં આવશે નહીં.

**(06)** **OMR** ઉત્તરપત્રમાં નિશ્ચિત જગ્યા સિવાય ઉમેદવારે પોતાનો બેઠક ક્રમાંક લખવો નહીં તથા પોતાની ઓળખ છતી થાય તેવી નામ કે અન્ય કોઈ પણ પ્રકારની નિશાની દર્શાવવાની સખત મનાઈ છે. તેમ છતાં પણ કોઈ પણ નિશાની કે ઓળખ કર્યાનું માલૂમ પડશે તો તેને સંપૂર્ણ ગેરશિસ્ત ગણવામાં આવશે અને પરીક્ષા માટે ગેરલાયક ગણવામાં આવશે.

**(07)** ઉત્તરપત્ર **(OMR SHEET)** માં ઉમેદવાર તથા નિરીક્ષક બંનેની સહી ફરજિયાત છે. બંનેની સહી વિનાની **OMR SHEET** (ઉત્તરપત્ર) વાળા ઉમેદવાર ગેરલાયક ઠરશે.

**(08)** પરીક્ષા દરમ્યાન ઉમેદવાર પાસેથી કોઈ પણ સાહિત્ય, માર્ગદર્શિકા, કાપલી, અન્ય હસ્તલિખિત કે પ્રિન્ટેડ સાહિત્ય, મોબાઈલ ફોન, પેજર, કેલક્યુલેટર, બ્લુટુથ, સ્માર્ટ વોચ કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

**(09)** આ જવાબવહી કોમ્પ્યુટર દ્વારા તપાસાવાની હોવાથી તે વળે, ફાટે કે બગડે નહિ તેની ખાસ કાળજી રાખવી તથા જવાબવહીની ગડી વાળવી નહીં.

**(10)** પ્રશ્નપુસ્તિકામાં કોરી જગ્યામાં રફ કામ કરવું. તે માટે અલગ કાગળ આપવામાં આવશે નહીં. જવાબવહીમાં કંઈ પણ રફ વર્ક કરવું નહીં. પ્રશ્નપુસ્તિકામાં જવાબો લખવાની મનાઈ છે.

**(11)** પ્રશ્નપુસ્તિકામાં કોઈ પૃષ્ઠ ફાડવા કે જુદાં કરવાની મનાઈ છે.

**(12)** ચાલુ પરીક્ષા દરમ્યાન અંદરોઅંદર ગુસપુસ કરવી, અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતી કરવી તે ગેરશિસ્ત ગણાશે.

**(13)** ઉમેદવારે ભૂરી/કાળી બોલપોઈન્ટ પેનથી ઉત્તરો લખવાના છે. અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકાશે નહીં તથા સફેદ શાહી **(White Ink)**, બ્લેડ કે રબ્બરથી કે અન્ય કોઈ પણ રીતે પ્રશ્નના જવાબમાં કરેલા સુધારા માન્ય ગણાશે નહીં.

**પરીક્ષા આપનાર ઉમેદવારે ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગનિરીક્ષકને પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે. તેમ કરવામાં કસુર થયેથી શિસ્તભંગના પગલાં ગણી પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.**

001. દિવ્યાંગના વિકાસ માટે તેમની જરૂરિયાત મુજબ માળખાકીય સુવિધાઓ, સહાયક સામગ્રી અને વિકાસની તકો પૂરી પાડતો ધારો કયો છે?
(A) વિકલાંગતા ધારા 2016 ની કલમ 16 અને 17
(B) વિકલાંગતા ધારા 2016 ની કલમ 14 અને 15
(C) વિકલાંગતા ધારા 2016 ની કલમ 11 અને 12
(D) વિકલાંગતા ધારા 2016 ની કલમ 18 અને 19

002. દ્રષ્ટીના ક્ષતિના પ્રકારોમાં 'Nearsightedness' વાળી સ્થિતિ એટલે .....
(A) માયોપિયા (B) હાયપરોયા
(C) એસ્ટીઝ્ઝેટીઝમ (D) અલ્બેનીઝમ

003. ડાયેટમાં કાર્યરત શાખાઓ પૈકી કઈ શાખાનું નામ બંધબેસતું જણાતું નથી ?
(A) PSTE (B) CMDE
(C) IFEC (D) DRU

004. GCERTના માર્ગદર્શન હેઠળ, હવે 33 જિલ્લાઓમાં કેટલા DIETs કાર્યરત છે?
(A) 32 (B) 31
(C) 30 (D) 33

005. શિક્ષક દિવસના અવસરે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ પ્રધાનમંત્રી સ્કુલ ફોર રાઈઝીંગ ઈન્ડિયા યોજના હેઠળ દેશભરમાં કેટલી શાળાઓના વિકાસ અને અપગ્રેડેશનની જાહેરાત કરી હતી ?
(A) 12500 (B) 13500
(C) 14400 (D) 14500

006. શિક્ષણ સહાય યોજના સંદર્ભે કઈ બાબત અસંગત છે?
(A) શ્રમિકના બે બાળકોને પ્રાથમિક શિક્ષણથી ઉચ્ચ શિક્ષણ માટે મળે છે.
(B) શ્રમયોગીના પત્નીને પણ હવેથી આ યોજના હેઠળ શિક્ષણ સહાય મળવાપાત્ર છે
(C) શ્રમિકની પત્નીની વય મર્યાદા 25 વર્ષ સુધીની છે
(D) શ્રમયોગી કલ્યાણ બોર્ડ દ્વારા અપાય છે

007. જ્ઞાનસેતુ યોજનાના અમલીકરણની જવાબદારી કોની છે ?
(A) કમિશનરશ્રી, શાળાની કચેરી
(B) કમિશનરશ્રી, મ.ભો.યોજના
(C) નિયામકશ્રી, પ્રાથમિક
(D) નિયામકશ્રી, શાળાઓ

008. મુખ્યમંત્રી જ્ઞાન સાધના યોજના (ધો.9 થી 12) શિક્ષણ વિભાગના કઈ તારીખના ઠરાવથી અમલમાં છે?
(A) 1/4/2023 (B) 14/6/2023
(C) 1/6/2023 (D) 7/6/2023

**009.** APAAR MEANS .............

(A) AUTOMATED PARMANENT ACADEMIC ACCOUNT REGISTRY

(B) AUTOMATED PERMENENT ACADEMIC ACCOUNT REGISTRY

(C) AUTOMATED PERMENENT ACADAMIC ACCOUNT REGISTRY

(D) AUTOMATED PERMANENT ACADEMIC ACCOUNT REGISTRY

**010.** મહામહિમ રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ કેટલા બાળકોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરષ્કાર 2024 એનાયત કર્યો છે?

(A) 15 (B) 16

(C) 17 (D) 18

**011.** RTI ના કયા અધિનિયમમાં અમુક પ્રકારની માહિતી જાહેર કરવામાંથી મુક્તિ મળે છે?

(A) 8 (1) (B) 9 (1)

(C) 10 (ક) (D) એવી કોઈ જોગવાઈ નથી

**012.** રાજ્ય માહિતી પંચની રચનાની વિગત RTI ના કયા પ્રકરણમાં આપેલ છે?

(A) પ્રકરણ – 3 (B) પ્રકરણ – 6

(C) પ્રકરણ – 5 (D) પ્રકરણ – 4

**013.** સામાજિક વિઘ્નો અને ભૌગોલિક અંતરને નિવારવા માટે શાળાના સ્થળ અંગેનું આયોજન એટલે ........

(A) શાળા નિરીક્ષણ (B) શાળા નિયોજન

(C) સ્કુલ મેપીંગ (D) સ્કૂલ ડેવલોપમેન્ટ પ્રોગ્રામ

**014.** રજા મંજૂર કરનાર સત્તાધિકારી દ્વારા કર્મચારીની સમગ્ર નોકરીના સમયગાળા દરમ્યાન કેટલા દિવસની રૂપાંતરિત રજા તબીબી પ્રમાણપત્ર રજુ કર્યા વિના મંજૂર કરી શકે ?

(A) 120 દિવસ (B) 80 દિવસ

(C) 90 દિવસ (D) ફક્ત બે માસ

**015.** વી ધ પીપલ : નાની પાલખીવાલા હોય તો વ્હીલ ઓફ હિસ્ટ્રી ..................?

(A) ડૉ. રાધાકૃષ્ણન (B) ડૉ. રામમનોહર લોહિયા

(C) મહાત્મા ગાંધી (D) આર. કે. નારાયણ

**016.** બંધારણની કઈ કલમથી રાજ્યસભાની કુલ સભ્ય સંખ્યા 250 નક્કી કરવામાં આવી છે?

(A) કલમ – 79 (B) કલમ – 82

(C) કલમ – 81 (D) કલમ – 80

**017.** અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કોણે કરી હતી?

(A) કસ્તુરભાઈ લાલભાઈ (B) ડૉ. વિક્રમ સારાભાઈ

(C) અંબાલાલ (D) ઈન્દુમતીબહેન શેઠ

**018.** મુ.પ્રા.શિ.અધિ. 1947 ના કુલ પ્રકરણો કેટલા છે?

(A) સાત (B) નવ

(C) અગિયાર (D) તેર

**019.** મુ.પ્રા.શિ.અધિ. 1947 ની કઈ કલમમાં સ્કુલબોર્ડના સભ્યોની સંખ્યા નક્કી કરવામાં આવેલી છે?

(A) કલમ - 3 (B) કલમ - 4

(C) કલમ - 3(1) (D) કલમ - 4(અ)

**020.** સ્કુલ બોર્ડની રચના સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા કેટલા સભ્યોની નિમણુક થાય છે?

(A) 2 થી 3

(B) 3 થી 4

(C) 1 થી 3

(D) નિમણુક કરવી જરૂરી નથી

**021.** કઈ કલમ અન્વયે, અધ્યક્ષ જેઓ સ્કુલ બોર્ડની રજા વગર સતત ત્રણ મહિનાથી વધારે જીલ્લામાંથી ગેરહાજર રહે ત્યારે અધ્યક્ષ હોતા બંધ થશે?

(A) 10(1) (B) 11(2)

(C) 10(3) (D) 10(4)

**022.** શાળા, ભારતના સંવિધાનમાં પ્રતિસ્થાપિત મૂલ્યોનું પાલન કરતી હોવી જોઈશે તે વિષે જણાવતો નિયમ કયો છે?

(A) 13(1)ખ (B) 13(2)(ક)

(C) 13(1)(ક) (D) 13(1)(ગ)

**023.** RTE 2009 અધિનિયમ 29(2)(ઘ) કઈ બાબતને લગતો છે?

(A) બાળકનો સર્વાંગી વિકાસ

(B) બાળકની શારીરિક અને માનસિક શક્તિનો સંપૂર્ણ વિકાસ

(C) બાળકના જ્ઞાન, ક્ષમતા અને બુદ્ધિશક્તિનું નિર્માણ

(D) ઉપરોક્ત તમામ

**024.** RTE 2012 પ્રમાણે વર્ગખંડોનું (કાર્પેટ એરિયા) ભોંયતળ કેટલા ચોરસફૂટથી ઓછું હોવું જોઈશે નહિ ?

(A) 400 ચો.ફૂટ (B) 250 ચો.ફૂટ

(C) 500 ચો.ફૂટ (D) 300 ચો.ફૂટ

**025.** જેને વહીવટી મંજુરી મળી ગયેલ છે તેવી જ્ઞાન સાધના યોજનામાં કેટલા રૂપિયાની જોગવાઈ કરેલ છે?

(A) ₹ 4000.00 લાખ (B) ₹ 5000.00 લાખ

(C) ₹ 6000.00 લાખ (D) ₹ 3000.00 લાખ

026. જે બાળક ભવિષ્યમાં શાળામાં પોતાનું શિક્ષણકાર્ય શરૂ કરવા તરફ જઈ રહ્યું છે તેના માટે એક વર્ષ સુધી કેવા ભાવાવરણનું નિર્માણ કરવાનું છે?

(A) મૈત્રીનું - પ્રેમનું
(B) આપેલ તમામ
(C) રમતનું - સહચાર્યનું
(D) વર્ગ તત્પરતાનું - શાળા તત્પરતાનું

027. ધોરણ 2નો વિદ્યાર્થી એક મીનીટમાં કેટલા શબ્દોનું સમજ સાથે વાંચન કરી શકે છે.

(A) 40 થી 50
(B) 50 થી 75
(C) 45 થી 60
(D) 65 થી 85

028. નિપુણ ભારતનું ધ્યેય ........

(A) વર્ષ 2025-26 સુધીમાં ધો.3 સુધીના બાળકો વાંચન, લેખન અને ગણનમાં શીખવાની જરૂરી ક્ષમતા પ્રાપ્ત કરી શકે તે માટેનું સહાયક વાતાવરણનું નિર્માણ કરવું
(B) વર્ષ 2026-27 સુધીમાં ધો.3 સુધીના બાળકો વાંચન, લેખન અને ગણનમાં શીખવાની જરૂરી ક્ષમતા પ્રાપ્ત કરી શકે તે માટેનું સહાયક વાતાવરણનું નિર્માણ કરવું
(C) વર્ષ 2027-28 સુધીમાં ધો.3 સુધીના બાળકો વાંચન, લેખન અને ગણનમાં શીખવાની જરૂરી ક્ષમતા પ્રાપ્ત કરી શકે તે માટેનું સહાયક વાતાવરણનું નિર્માણ કરવું
(D) વર્ષ 2028 -29 સુધીમાં ધો.3 સુધીના બાળકો વાંચન, લેખન અને ગણનમાં શીખવાની જરૂરી ક્ષમતા પ્રાપ્ત કરી શકે તે માટેનું સહાયક વાતાવરણનું નિર્માણ કરવું

029. When, I was in std X; I ________ read for ten hours.

(A) due to
(B) owing to
(C) in order to
(D) used to

030. 'કવિતાને પામવા માટે આપણે વળી વળીને કવિતા પાસે જવું પડશે' - કથન કોનું છે?

(A) કલાપી
(B) રમેશ પારેખ
(C) કાન્ત
(D) ઉમાશંકર જોષી

031. 'ક્ષમાયાચના' - આ શબ્દનો સમાસ ઓળખાવો.

(A) સર્વપદ સમાસ
(B) મધ્યમપદલોપી સમાસ
(C) તત્પુરુષ સમાસ
(D) કર્મધારય સમાસ

032. નીચેનામાંથી ગુજરાતના કયા જીલ્લા પરથી કર્કવૃત્ત પસાર થતું નથી.

(A) અરવલ્લી
(B) બનાસકાંઠા
(C) સાબરકાંઠા
(D) ગાંધીનગર

033. એકમાત્ર અક્ષર ઉમેરવાથી નીચે આપેલા શબ્દનો અર્થ ધરમૂળથી બદલાઈ જાય છે. તે અક્ષર કયો?
INCH, EAR, AIR, ALM

(A) B
(B) R
(C) D
(D) P

**034.** નીચે આપેલી કૃતિઓમાંથી કયું 'ખંડકાવ્ય' છે?

(A) ગ્રામમાતા
(B) ગુજરાત મોરી મોરી
(C) વળાવી બા આવી
(D) ધૂળિએ મારગ

**035.** Match A with its meaning from B.

| | (A) | | (B) |
|---|---|---|---|
| 1. | Put off | 1. | to tolerate |
| 2. | Put on | 2. | to take away |
| 3. | Put up with | 3. | to beg in |
| 4. | Put out | 4. | to wear |
| 5. | Put in | 5. | to delay |

(A) 1-5, 2-1, 3-3, 4-2, 5-4
(B) 1-5, 2-4, 3-1, 4-2, 5-3
(C) 1-4, 2-5, 3-1, 4-2, 5-3
(D) 1-2, 2-4, 3-3, 4-1, 5-5

**036.** ભારતમાં ન્યાયતંત્રની શરૂઆત કરનાર અંગ્રેજ અધિકારી કોણ હતા?

(A) લોર્ડ ડેલહાઉસી
(B) લોર્ડ વેલેસ્લી
(C) લોર્ડ ક્લાઈવ
(D) લોર્ડ વોરન હેસ્ટીંગ

**037.** મૃણાલ તેના કર્ણાટકના પ્રવાસ દરમિયાન નીચેનામાંથી કઈ ગુફાઓની મુલાકાતે જશે?

(A) બાદામીની ગુફાઓ
(B) અજંતાની ગુફાઓ
(C) ભીમબેટકાની ગુફાઓ
(D) સિત્તાનાવસલની ગુફાઓ

**038.** 70 મીટર લંબાઈની બાજુવાળા ચોરસ બાગ ફરતે જો શ્યામ 3 ફેરા ફરે તો તેણે કેટલું અંતર કાપ્યું હશે?

(A) 800 મીટર
(B) 840 મીટર
(C) 860 મીટર
(D) 880 મીટર

**039.** નગર અખબાર દરરોજ પ્રકાશિત થાય છે. એક નકલમાં બાર પાના છે, દરરોજ 11980 નકલ છાપવામાં આવે છે. કુલ કેટલા પૃષ્ઠો દરરોજ મુદ્રિત થાય છે.

(A) 1,43,760
(B) 1,44,770
(C) 1,43,766
(D) 1,43,777

**040.** વનસ્પતિનું પ્રજનન અંગ ________ છે.

(A) પર્ણ
(B) પ્રકાંડ
(C) મૂળ
(D) પુષ્પ

**041.** NEP 2020 મુજબ કયા ધોરણથી વ્યાવસાયિક શિક્ષણ શરુ કરવામાં આવશે?

(A) ધો. 5 થી
(B) ધો. 6 થી
(C) ધો. 8 થી
(D) ધો. 10 થી

**042.** વેદકાલીન શિક્ષણના ઉદ્દેશોમાં નીચેનામાંથી કયું અલગ પડે છે.

(A) વ્યક્તિમાં ધાર્મિકતાનો વિકાસ કરવો
(B) વ્યક્તિમાં નૈતિક બદલાવ લાવવો
(C) ચારિત્ર્યનું ઘડતર કરવું
(D) મોક્ષની પ્રાપ્તિ

**043.** નીચેના શિક્ષણપંચોમાં કયું શિક્ષણપંચ આઝાદી પહેલાનું છે?

(A) કોઠારી પંચ
(B) રાધાકૃષ્ણ પંચ
(C) ભારતીય વિશ્વ વિદ્યાલય પંચ
(D) મુદ્દલિયાર પંચ

**044.** ST કેટેગરીના બાળકોની ચિંતા કરનાર પંચ કયું છે?

(A) મુદ્દલિયાર પંચ
(B) ડો. રાધાકૃષ્ણન પંચ
(C) કોઠારી પંચ
(D) રાષ્ટ્રીય શિક્ષણ પંચ

**045.** અર્વાચીન ભારતની શિક્ષણ વ્યવસ્થા ક્યારથી શરૂ થઈ ગણાય છે?

(A) 1947
(B) 1952
(C) 1948
(D) 1951

**046.** નીચેનામાંથી કઈ ભાષા વિશ્વની પ્રાચીન ભાષા છે?

(A) સંસ્કૃત
(B) પાલી
(C) હિન્દી
(D) અંગ્રેજી

**047.** NEP 2020 મુજબ કયા વર્ષ સુધીમાં B.ED.ની ડીગ્રી ચાર વર્ષની થશે?

(A) 2025
(B) 2030
(C) 2035
(D) 2040

**048.** બાળકેળવણી ક્ષેત્રે ઉત્તમ કાર્ય કરનાર મેડમ મોન્ટેસરી ક્યાં દેશના વતની હતા?

(A) ફ્રાન્સ
(B) જર્મની
(C) ઈંગ્લેન્ડ
(D) ઈટાલી

**049.** મૂલ્યાંકન પ્રક્રિયાના સોપાનોમાંથી પ્રથમ સોપાન કયું છે?

(A) વિષયવસ્તુની પસંદગી
(B) મૂલ્યાંકનની સામગ્રી તૈયાર કરવી
(C) મૂલ્યાંકનનો પ્રકાર નક્કી કરવો
(D) ઉપરોક્ત પૈકી એક પણ નહી

**050.** ચેષ્ટાકીય કૌશલ્યના વિકાસ અને લડાયક વૃત્તિના ઉર્ધ્વીકરણ માટે શું કરવું જોઈએ?

(A) વિવિધ રમતગમતો અને સ્પર્ધાઓનું આયોજન
(B) પ્રવાસ અને પર્યટનનું આયોજન
(C) પરાક્રમી વ્યક્તિઓના પ્રવચનોનું આયોજન
(D) વકૃત્વ અને લેખનની સ્પર્ધાઓનું આયોજન

## SPACE FOR ROUGH WORK / રફ કામ માટેની જગ્યા

પરીક્ષા પૂરી થયા બાદ ઉત્તરપત્ર (OMR SHEET) વર્ગ નિરીક્ષકને
પરત કર્યા બાદ જ વર્ગખંડ છોડવાનો રહેશે.
તેમ કરવામાં કસૂર થયેથી તેને શિસ્તભંગનાં પગલાં ગણી
પરીક્ષા માટે ઉમેદવારને ગેરલાયક ઠેરવવામાં આવશે.